# ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ

## બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર

## પંચાયત સેવાના કર્મચારીઓની (૧) હિન્દી ઉચ્ચ શ્રેણી, (૨) હિન્દી નિમ્ન શ્રેણી અને (૩) હિન્દી બોલચાલ શ્રેણીની ભાષાકીય પરીક્ષા યોજવા બાબતનું જાહેરનામું

ક્રમાંકઃ-ઇએકસએમ-૩-૨૪૫૬/૫૦૨૦/૨૦૧૮

તા.૦૭/૦૩/૨૦૧૮

### જાહેરનામું

ગુજરાત પંચાયત સેવા (હિન્દી પરીક્ષા) નિયમો-૧૯૬૫ ના નિયમ-૩ અન્વયે આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત નિયમોનુસાર પંચાયત સેવાના કર્મચારીઓની (૧) હિન્દી ઉચ્ચ શ્રેણી, (૨) હિન્દી નિમ્ન શ્રેણી અને (૩) હિન્દી બોલચાલ શ્રેણીની પરીક્ષાઓ તા.૦૯-૧૦/ મે/૨૦૧૮ ના રોજ લેવામાં આવશે.

સદરહું પરીક્ષાનો અભ્યાસક્રમ ગુજરાત પંચાયત સેવા (હિન્દી પરીક્ષા) (સુધારેલ) નિયમો-૧૯૮૯ કે જે સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરે પ્રસિધ્ધ કરેલ તા.૧૩-૩-૧૯૮૯ ના જાહેરનામા નં.કેપી/૬/૮૯/પીઆરઆર/૧૦૮૬/૩૧૦૬/ડી. અને ત્યારબાદના તા.૧/૧૨/ ૧૯૯૦ ના જાહેરનામા અન્વયે સુધાર્યા અનુસારનો રહેશે. આ અંગેનું સમયપત્રક આ સાથે બીડવામાં આવેલ છે. સદરહું હિન્દી ભાષાકીય પરીક્ષામાં બેસવા ઇચ્છતા ઉમેદવારોએ ઠરાવેલ નમુનામાં આવેદનપત્રો પોતાની કચેરીમાંથી મેળવી જે તે જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે અત્રેની કચેરી ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગરને તા.૧૦/૦૪/૨૦૧૮ સુધીમાં મોડામાં મોડા પહોંચે તે રીતે મોકલવાના રહેશે. સમયમર્યાદા બાદ મળેલ આવેદનપત્રો બોર્ડ ધ્વારા ધ્યાને લેવામાં આવશે નહિ.

નં.ઇએકસએમ-૩-૨૩૫૯
ગાંધીનગર

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,

મેનેજરશ્રી સરકારી મુદ્રાણાલય ગાંધીનગર તરફ ઉપરોકત જાહેરનામાની પ્રસિધ્ધિ આગામી સરકારી ગેઝેટમાં ભાગ-૧ 'અ' માં કરવા અને જેની પાંચ નકલો અત્રે મોકલી આપવા વિનંતી સહ.



Scanned by CamScanner

નકલ સવિનય રવાના:-

(૧) માન.અગ્રસચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,સચિવાલય ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી .................... મું. .................... તરફ જાણ, બહોળી પ્રસિધ્ધિ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.

(૪) નાયબ સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાના-જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ) જિલ્લા પંચાયત કચેરી, (તમામ)

(૨) કચેરીના નોટીસ બોર્ડ તરફ પ્રસિધ્ધી સારૂ.



Scanned by CamScanner

## ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ

## બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર

## પંચાયત સેવાના કર્મચારીઓની (૧) હિન્દી ઉચ્ચ શ્રેણી, (૨) હિન્દી નિમ્ન શ્રેણી અને (3) હિન્દી બોલચાલ શ્રેણીની ભાષાકીય પરીક્ષા માહે મે-૨૦૧૮

### :-સમયપત્રક:-

પરીક્ષાનું સ્થળ:- જિલ્લા વિકાસ અધિકારીશ્રી ધ્વારા નક્કી કરશે.

### હિન્દી ઉચ્ચ શ્રેણીની ભાષાકીય પરીક્ષા

| પ્રશ્નપત્ર નંબર | શ્રેણી | તારીખ અને વાર | સમય |
|---|---|---|---|
| ૧ | ઉચ્ચ શ્રેણી | તા.૦૯/૫/૨૦૧૮ બુધવાર | સવારે ૧૦:30 થી ૧:30 |
| ૨ | ઉચ્ચ શ્રેણી | તા.૦૯/૫/૨૦૧૮ બુધવાર | બપોરે ૨:30 થી ૫:30 |
| 3 | ઉચ્ચ શ્રેણી | તા.૧૦/૫/૨૦૧૮ ગુરૂવાર | સવારે ૧૦:30 થી ૧:30 |
| મૌખિક પરીક્ષા | | તા.૧૦/૫/૨૦૧૮ ગુરૂવાર | બપોરે ૨:30 થી શરૂ થશે |

### હિન્દી નિમ્ન શ્રેણીની ભાષાકીય પરીક્ષા

| પ્રશ્નપત્ર નંબર | શ્રેણી | તારીખ અને વાર | સમય |
|---|---|---|---|
| ૧ | નિમ્ન શ્રેણી | તા.૦૯/૫/૨૦૧૮ બુધવાર | સવારે ૧૦:30 થી ૧:30 |
| ૨ | નિમ્ન શ્રેણી | તા.૦૯/૫/૨૦૧૮ બુધવાર | બપોરે ૨:30 થી ૫:30 |
| મૌખિક પરીક્ષા | | તા.૧૦/૫/૨૦૧૮ ગુરૂવાર | બપોરે ૧૦:30 થી શરૂ થશે |

### હિન્દી બોલચાલ શ્રેણીની ભાષાકીય પરીક્ષા

| શ્રેણી | તારીખ અને વાર | સમય |
|---|---|---|
| બોલચાલ શ્રેણી | તા.૦૯/૫/૨૦૧૮ બુધવાર | બપોરે ૧૨:00 થી શરૂ થશે |

સ્થળ:- ગાંધીનગર

તારીખ- ૦૭/0૩/૨૦૧૮

સચિવ

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ

ગાંધીનગર



Scanned by CamScanner